

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### ઇ- ધરા કેન્દ્રોમાં વારસાઇ હક્ક માટે ૮૬૧૨ નોંધો મંજુર કરાઇ

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ ધરા કેન્દ્રમાં વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી તે અંગે દહેગામના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ બે વર્ષ દરમિયાન ગાંધીનગર તાલુકામાંથી ૨૮૧૧,માણસા તાલુકામાંથી ૨૪૩૧, કલોલમાંથી ૨૬૧૩ અને દહેગામમાંથી ૩૧૩૭ સહીત ચારેય તાલુકામાંથી કુલ ૧૦૯૯૨ અરજીઓ આવી હતી. જયારે આ પૈકી ૮૬૧૨ નોંધો મંજુર કરવામાં આવી હતી. જયારે ૨૫૫ નોંધ નામંજુર કરવામાં આવી હતી. પેઢીનામામાં વિસંગતતા , મરણ દાખલો રજુ ન કર્યો હોય તેમજ સોગંદનામુ રજુ કર્યુ ન હોય તેવા કિસ્સામાં નોંધ નામંજુર કરવામાં આવી હોવાનુ પણ પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ હતુ.

### જિલ્લામાં પીવાના પાણી માટે ૮૬ ટયુબવેલ અને ૧૪ ઓવરહેડ ટાંકી બનાવાઇ

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન પીવાના પાણી માટે કેટલા ગામોમાં ટયુબવેલ તેમજ નવી ઓવરહેડ ટાંકી બનાવવાના કામો મંજુર થયા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ રજુ કરેલા પ્રશ્નના જવાબમાં પુરવઠા મંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લાના ૯૨ ગામોમાં ટયુબવેલ મંજુર કરાયા હતા. જયારે આ પૈકી ૬ ટયુબવેલનુ કામ બાકી છે. જયારે ૧૫ ગામોમાં ઓવરહેડ ટાંકીનુ કામ મંજુર કરાયુ હતુ. જયારે આ પૈકી ૧૪ કામો પુર્ણ કરી દેવાયા છે.

### જિલ્લામાં પશુચિકિત્સા અધિકારીની ૩ અને નિરિક્ષકની ૨૧ જગ્યા ખાલી

ગાંધીનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરીક્ષક વર્ગ-૩ નુ મંજુર મહેકમ કેટલુ છે તેવા પ્રશ્ન સંદર્ભેના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં પશુચિકિત્સા વર્ગ-૨ ની ૪૬ અને પશુધન નિરિક્ષકની ૧૦૨ જગ્યાનુ મંજુર મહેકમ છે. જયારે આ પૈકી પશુચિકિત્સા અધિકારીની ૩ અને પશુધન નિરિક્ષકની ૨૧ જગ્યા ખાલી છે. જયારે આ અન્વયે રાજયકક્ષાની ખાલી જગ્યા ભરવા માટે ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે જયારે પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ સંદર્ભે પંચાયત તેમજ ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાશે. આ પૈકી મોટાભાગની જગ્યાઓ છેલ્લા બે વર્ષની અંદરના સમયગાળાથી ખાલી છે.

### ગણોતધારા હેઠળની જમીનમાં ખરીદ કિંમતના ૬૭૭ કેસો બાકી

જિલ્લામાં ખેડુતોની ગણોતધારા હેઠળની જમીન ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે દહેગામના ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યા મુજબ આ પ્રકારના કેસોની સંખ્યા ૭૧૭ છે. જયારે ૬૭૭ કેસો બાકી છે.

### પંડિત દિનદયાલ આવાસ યોજનાના લાભાર્થીઓને ૨૬૦ લાખની સહાય

પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

# હાશ, હવે ૨૮મીથી વરસાદ આવશે

**રાજયમાં ૨૮ જુલાઇથી ભારે વરસાદથી ચોમેર પાણી પાણી થઇ જશે : હવામાન વિભાગ : આગામી તા ૨૮ જુલાઇથી સૌરાષ્ટ્ર , દક્ષિણ ગુજરાત , મધ્ય ગુજરાત સહીત રાજયના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ વરસશે : રાજયમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૨૮ ટકા વરસાદ થયો : ગાંધીનગરમાં પ્રિ મોન્સુન એકટીવિટીના ભાગરૂપે વરસાદ ડોકીયુ કરી અદ્રશ્ય થઇ ગયો છે : હવામાન વિભાગના સંકેતથી અસહ્ય ગરમીથી ત્રસ્ત નગરજનોમાં હર્ષની લાગણી**



ગાંધીનગર તા ૨૪

હાશ .. હવે.. તો.. વરસાદ આવશે....અસહ્ય ગરમીથી આકુળ વ્યાકુળ જનજીવન ગરમીથી બેહાલ છે.ઉકળાટથી ત્રસ્ત નગરજનો વરસાદ માટે તરસી રહ્યા છે.રાજયમાં અત્યાર સુધી સિઝનનો ૨૮ ટકા વરસાદ થયો છે. જયારે ગાંધીનગરમાં મેઘરાજા ડોકીયુ કરી સંતાઈ ગયા છે. રીસાયેલા મેઘરાજાને રીઝવવા માટે પ્રાર્થના અને યજ્ઞ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી સપ્તાહમાં ભારે વરસાદ વરસશે તેવા સંકેતો આપતા આકરા બફારાથી ત્રસ્ત નગરજનોમાં આનંદની લાગણી વ્યાપી છે. આગામી તા ૨૮ જુલાઈથી પાંચ દિવસ રાજયમાં ભારે વરસાદ વરસશે તેમ હવામાન વિભાગ દ્વારા જણાવાયુ છે. જયારે ભારે વરસાદની શકયતાના લીધે નાગરિકોને પણ સાવધાન રહેવા જણાંવાયુ છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે પણ આગામી તા ૨૬ મીથી ધોધમાર વરસાદ થશે તેમ જણાંવ્યુ છે.

ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધી માત્ર ૨૮ ટકા વરસાદ થયો છે. જયારે ગાંધીનગર જિલ્લામાં સિઝનનો વરસાદ હજુ શરૂ જ થયો નથી તેમ કહીએ તો પણ ચાલે તેવી સ્થિતિ છે. મેઘરાજા અલપઝલપ છાંટણા વરસાવી વિદાય લઈ ગયા છે. અત્યાર સુધી માત્ર ૧૫ ટકા વરસાદ થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. વરસાદની ગેરહાજરી વચ્ચે જનજીવન ગરમીથી આકુળવ્યાકુળ છે. અસહ્ય ગરમીએ સૌ કોઈને તોબા પોકારી દીધા છે. આકાશમાં અનેકવાર મંડરાયેલા વરસાદી વાદળો વરસ્યા વિના જ વિદાય લઈ લેતા સતત વરસાદની આશ ઠગારી પુરવાર થઈ છે. જયારે અવારનવાર આકાશમાં ડોકિયુ કરીને વિરસ્યા વિના જ વિખેરાઈ જતા વાદળોના અંતે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ગરમીનો પારો ઉંચે ચઢતા શહેરીજનો ઉનાળા કરતા પણ વધુ ગરમી વેઠી

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ ખેંચાતા આકસ્મિક પાક આયોજન કૃષિતંત્રએ અમલમાં મુક્યુ

**વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર : મોંઘા પિયતથી પાક બચાવવા ખેડૂતો વ્યસ્ત**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાઈ જતાં તંત્રએ આકસ્મિક પાક આયોજન તૈયાર કરી અને ખેડૂતોને તે માટે માર્ગદર્શન આપવાની કામગીરી હાથ ધરી છે.

જિલ્લામાં વરસાદ ખેંચાઈ જતાં ચિંતાતુર બનેલા ખેડૂતોએ હવે વાવેતર કરેલા પાકને બચાવવા માટે પિયતનો ઉપયોગ પણ શરૂ કરી દીધો છે એટલુ જ નહિ ખરીફ ઋતુમાં હવે નવુ વાવેતર પણ કરતા નથી.

ગત વર્ષે પણ વરસાદ ઓછો પડતાં ખરીફ પાકને બચાવવા માટે ખેડૂતો ફાંફે ચડ્યા હતા. આ વર્ષે હજુ સુધી વરસાદ થયો નથી. ખેડૂતોએ જિલ્લામાં ૬૫ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર કરી દીધુ છે પણ પાકને બચાવવા હવે પિયતનો જ વિકલ્પ બચ્યો છે અને મોંઘુ પિયત ઉત્પાદન ખર્ચમાં વધારો કરશે.

જિલ્લાતંત્રએ પણ જુલાઈના અંતિમ સપ્તાહથી લઈ ઓગષ્ટની ૧૦મી સુધીમાં વરસાદ આવે તો આકસ્મિક પાક-આયોજન કરી અને ખેડૂતોને તે માટે માર્ગદર્શન વાવેતર માટે આપવાની કામગીરી પણ હાથ ધરી દીધી છે.

આખો અષાઢ મહિનો કોરો જતાં ખેડૂતો ચિંતાતુર બની ગયા છે. વાવેતર કરાયેલા પાકને બચાવવા માટે મોંઘા પિયતનો વિકલ્પ અપનાવ્યો છે. જેને કારણે પાકના ઉત્પાદન ખર્ચમાં સારી એવી વૃદ્ધિ ખેડૂતના બજેટ પર પડશે.

આકસ્મિક પાક-આયોજનમાં તંત્રએ દિવેલા, મગ-અડદ જેવા પાકનું વાવેતર કરવાની ભલામણ કરી હોવાનું જાણવા મળેલ છે. આ માટે આ ત્રણેય પાકનું બિયારણ પુરતા જથ્થામાં ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં પિયતની સુવિધાને કારણે પાકની સ્થિતિ હાલ સારી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

**વર્ગખંડમાં ગરમીથી ગુંગળાતા વિદ્યાર્થીઓને રાહત આપવા**

# પ્રાથમિક શાળાઓમાં બપોરનો સમય બદલી સવારનો કરવા માટે રજુઆત

**આકરા બફારાથી ત્રસ્ત પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ અભ્યાસમાં પણ દયાન આપી શકતા નથી**

ગાંધીનગર તા ૨૪

વરસાદના વિરહ વચ્ચે નગરજનો આકરી ગરમીથી તોબા પોકારી ગયા છે. ઘરની બહાર નિકળતા જ પરસેવે રેબઝેબ થઈ જવાય તેવા ઉકળાટ વચ્ચે જનજીવન આકુળ વ્યાકુળ જોવા મળે છે. આવા સંજોગોમાં પ્રાથમિક શાળાઓમાં બપોરના સમયે વર્ગખંડોમાં ગરમીથી ગુંગળાતા વિદ્યાર્થીઓ પર રહેમનજર કરવા માટે પ્રાથમિક શિક્ષક સંઘે પ્રાથમિક શિક્ષણાધિકારીને રજુઆત કરી છે. આકરી ગરમીમાં પ્રાથમિક શાળાઓનો સમય બદલીને સવારનો કરવા માટે પણ શિક્ષક સંઘે રજુઆત કરી છે.

વરસાદની ગેરહાજરી વચ્ચે જનજીવન અસહ્ય ગરમીથી આકુળ વ્યાકુળ છે. આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. ગરમીથી ત્રસ્ત શહેરીજનો વરસાદની વાટે છે. આકરી ગરમીના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. વાતાવરણમાં એટલી હદે ઉકળાટ વધી ગયો છે કે સિનિયર સિટીઝન્સ તેમજ નાના બાળકો તંગદીલી અનુભવી રહ્યા છે. આવા સંજોગોમાં શાળાના શૈક્ષણિક કાર્યનો સમય બદલવા માટે પણ માંગ ઉઠવા પામી છે. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા છે. બીજીતરફ બપોરના સમયે શાળાએ જતા વિદ્યાર્થીઓ માટે ગરમી ગુંગળામણરૂપ બની છે. આ અંગે ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે પ્રાથમિક શિક્ષણાધિકારીને રજુઆત કરી છે. જેમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં જુન મહીનાથી અત્યાર સુધીમાં નહીંવત વરસાદ થયો છે. જેના લીધે વાતાવરણમાં ગરમી અને બાફનુ

● અનુસંધાન પાન-૭ પર



ઘ-૩ સર્કલ નજીક ફુટપાથમાં પોલાણ થયુ છે. જેના લીધે જમીન બેસી જતા ભયજનક ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. શહેરમાં હજુ વરસાદ મનમુકીને પડયો નથી. પરંતુ વરસાદી સમસ્યાએ શહેરના માર્ગો તેમજ સોસાયટીમાં કબજો મેળવી લીધો છે. સેકટરોમાં ઠેર ઠેર હજુ ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે માટી પોલાણના લીધે વરસાદના સંજોગોમાં ગમે ત્યારે જોખમી સ્થિતિ અકસ્માતનુ કારણ બને તેવી દહેશત પ્રવર્તી છે.

# માથાદીઠ દેવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે : ચાવડા

**રાજ્યમાં જન્મ લેતુ બાળક ૫૦ હજારના દેવા સાથે જન્મ લે છે**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં આજે જન્મધારણ કરતુ બાળક રૂ. ૫૦ હજારના દેવા સાથે જન્મે છે. દેવુ કરીને ઘી ના પિવાય. સરકારે ગુજરાતને દેવાના ડુંગર તળે ધકેલી રહી છે તેવો ગંભીર આક્ષેપ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે રાજ્ય વિધાનસભામાં નાણાં વિભાગ પરની માંગણીઓ અંગેની ચર્ચામાં ભાગ લેતાં કર્યો હતો.

તેમણે કહ્યુ કે દર વર્ષે દેવાના વ્યાજ પેટે રૂ. ૧૫ થી ૧૮ હજાર કરોડ ચુકવવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ૩૧ હજાર કરોડ રૂપિયા મૂડીપેટે અને વ્યાજપેટે ચુકવવાના થાય છે. આ બધુ બિન નાણાંકીય અને બિન વિકાસલક્ષી ખર્ચ ગણાય જે અનિયમિતતા ગણાય. ગુજરાત માથાદીઠ દેવામાં આખા દેશમાં પ્રથમ સ્થાને છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ૧૯૯૬માં ૫,૧૧,૦૦૦ અધિકારી/કર્મચારીઓ કામ કરતા હતા. આજે ૧૦ લાખ જેટલા હોવા જોઈએ પણ દુઃખ સાથે કહેવુ પડે કે આજે પણ સંખ્યા ૫,૦૧,૦૦૦ ઉલટાની ઘટી છે એટલે ખાલી જગ્યાઓના કારણે, અધિકારીઓના કામના ભારણને કારણે અને સરકારના વિવિધ પ્રોગ્રામોના કારણે જે કામ જે જગ્યા ઉપર કરવું જોઈએ એ થઈ શકતું નથી અને સરકાર લક્ષ્યાંક સિદ્ધ કરી શકતી નથી અને આવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પૈસાનું સુઆયોજન થવું જોઈએ. પૈસા ખોટા ન વપરાવા જોઈએ. ભ્રષ્ટાચાર અટકાવવો જોઈએ.

# સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાના ૯૦ ગામમાં સામુહિક શૌચાલય બનાવાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૯૦ ગામો જે ૩ હજારથી વધુ વસ્તી ધરાવે છે ત્યાં સામુહિક શૌચાલયો બનાવવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તાજેતરમાં એસ.એલ.બી.સી.ની મળેલ બેઠકમાં સામૂહિક શૌચાલયોના નિર્માણ માટે નિર્ણય લેવાયો હતો એટલુ જ નહિ આ માટે ૩ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોની પસંદગીનો પણ માપદંડ આપવામાં આવ્યો છે.

જિલ્લામાં જે ૯૦ ગામોની પસંદગી કરવામાં આવી છે તેમાં ગાંધીનગરના ૨૫, કલોલના ૨૫, દહેગામના ૨૧ તેમજ માણસાના ૧૯ ગામોની હાલ પસંદગી કરવામાં આવી છે.

આ માટેની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરવા માટેનો રોડમેપ તૈયાર કરવાની કવાયત પણ તંત્રએ હાથ ધરી છે. એક સામુહિક શૌચાલય યુનિટ બનાવવા પાછળ રૂ. બે લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આગામી ૨જી ઓક્ટો.ના રોજ ''ઓડીએફ મુક્ત રાષ્ટ્ર''ની વિધિવત ઘોષણા થવાની છે ત્યારે જિલ્લામાં ઓક્ટો. માસ સુધીમાં આ કામગીરી થઈ જાય તેવુ આયોજન હાલ વિચારવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ માટે પસંદગી પામેલ ગામોના સરપંચો સાથે પણ આગામી સપ્તાહમાં એક અલગથી બેઠક યોજવામાં આવે તેવી શક્યતાના નિર્દેશ પણ તંત્રના સૂત્રોએ આપ્યું છે.


## જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર (૧) રામરથી સીતારામસિંગ, (૨) રાકેશ રામરથી સિંગ, (૩) કામિની રાકેશસિંહ, તમામ રહે. પ્લોટ નંબર : ૪૮૪, સમન્વય એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૩, ગાંધીનગરના તે આ જાહેર ચેતવણી આપીએ છીએ કે...,

અમો નંબર : ૧ના પુત્ર - પુત્રવધુ, નંબર : ૨ ભાઈ-ભાભી તથા નંબર : ૩ના દિયર - દેરાણી નામે (૧) ધનંજય રામરથી સિંગ (૨) જમના ધનંજય સિંગ, બંને રહે. પ્લોટ નંબર : ૪૭૯/૧, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગરનાઓને અમોએ તેમના હીસ્સાની મીલકત તેમજ રકમ અને દર-દાગીના આપી દીધેલ છે. જેથી તેઓનો અમારી વડીલોપાર્જીત તેમજ સ્થાવર તથા જંગમ મિલકતમાં કોઈ હક્ક, હિત, હિસ્સો રહેલ નથી જેથી અમોએ તેઓની સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ છે. તેમજ અમારી તમામ સ્થાવર તથા જંગમ અને વડીલોપાર્જીત, વરાડે પડતી મીલકતમાંથી બેદખલ કરેલ છે. તેમજ તેઓ હાલ પોતાની મરજી મુજબ લક્ઝુરીયસ લાઈફ જીવી રહેલ અને બેફાર્મ ખરી કરી રહેલ છે તેવું અમારા ધ્યાનમાં આવેલ છે. જેથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે પેઢીએ કોઈપણ જાતના નાણાંકીય કે સામાજીક વ્યવહારો કરવા, કરાવવા નહી તેમ છતાં તેવા વ્યવહારો કરવામાં આવશે તેની જવાબદારી અમારી રહેશે નહી. તેવા વ્યવહારની તમામ જવાબદારી જે તે ઈસમ, સંસ્થા કે પેઢીની પોતાની અંગત રહેશે. વધુમાં (૧) ધનંજય રામરથી સિંગ (૨) જમના ધનંજય સિંગ, બંને પતિ-પત્ની વચ્ચે પણ વિખવાદો ચાલતા હોઈ ભવિષ્યમાં આ બંને પતિ-પત્ની વચ્ચે કોઈ અણબનાવ બને અને જેનાથી કોઈ અઘટીત કૃત્ય કે પગલું લેવાય અને તેના વિપરીત પરિણામ મળે તો તેની પણ જવાબદારી અમારી રહેશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૪/૭/૨૦૧૯, સ્થળ : ગાંધીનગર

સહી/-
(૧) (રામરથી સીતારામ સિંગ)
સહી/-
(૨) (રાકેશ રામરથી સિંગ)
સહી/-
(૩) (કામિની રાકેશ સિંગ)

## ગુજરાત પ્રવાસન નિગમ લી.

(ગુજરાત સરકારનું સાહસ)
નિગમ ભવન, પહેલો માળ, સેક્ટર-૧૬,
ગાંધીનગર-૩૮૨૦૧૬

## હરાજી નોટીસ

ગુજરાત પ્રવાસન નિગમ લી.ની પ્રોજેક્ટ શાખા કચેરીમાં ૬૦ જૂન ખુરશીની હરાજી માટે એજન્સીઓને આમંત્રણ આપવામાં આવે છે. રસ ધરાવનાર બિડર્સ / એજન્સીઓ સેક્ટર-૧૬ ખાતેની, પ્રવાસન નિગમની ઓફીસની મુલાકાત તા. ૨૬/૭/૨૦૧૯ સુધી રોજ બપોરના ૩.૦૦ થી ૫.૦૦ સુધી લઈ શકે છે. રસ ધરાવતી એજન્સીઓ દ્વારા ઓફીસ ખાતે લગાવેલ હરાજી માટેની શરતો ધ્યાને લેવી ફરજીયાત છે. એજન્સીઓએ તેમની હરાજી કિંમત તા. ૨૯/૭/૨૦૧૯, ૩.૦૦ વાગ્યા સુધી ઉપર જણાવેલ સરનામે સીલબંધ કવરમાં ઓફીસમાં હાર્ડ કોપીમાં માત્ર રજીસ્ટર એ.જી. / સ્પીડ પોસ્ટથી જ સબમીટ કરવાની રહેશે. કવર ઉપર 'જુની ખુરશીઓની હરાજીની ઓફર' તેમ સ્પષ્ટ લખવું. તા. ૨૯/૭/૨૦૧૯ના રોજ ૫:૦૦ વાગ્યે હાજર રહેલ એજન્સીઓની સામે બિડ્સ ખોલવામાં આવશે. તમામની હાજરી સૌથી વધારે ભરેલ ભાવથી બોલી / હરાજી શરૂ કરવામાં આવશે અને આખરી બોલી ૩ વખત બોલવામાં આવશે તેને આખરી ગણાશે. જેમાં સૌથી વધારે ભાવ બોલેલ એજન્સીને તા. ૩૦/૭/૨૦૧૯ના ૩.૦૦ વાગ્યા પહેલા બોલેલા ભાવ મુજબ સંપૂર્ણ રકમનો ડીડી જમા કરાવવાનો રહેશે અને ડીડી જમા થયા બાદ તા. ૧/૮/૨૦૧૯ના રોજ બપોરે ૫.૦૦ વાગ્યા પહેલા બધી જ જુની ખુરશી પોતાના ખર્ચે અત્રેની ઓફીસથી લઈ લેવાની રહેશે.

ગુ.પ્ર.ની. લી.ના મેનેજિંગ ડિરેક્ટર કોઈપણ કારણે આપ્યા વિના કોઈપણ અથવા તમામ હરાજીની બિડને નકારવાનો અથવા સ્વીકારવાનો અધિકાર અનામત રેખે છે.

મેનેજીંગ ડિરેક્ટર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ટ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com